ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા.03/0૨/૨૦૨૪

**જાહેરનામુ:-**

**No.GHL/03/2023/SJED/MIS/e-file/17/2024/2953/CHH-** રાજ્યમાં ધ જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ હેઠળ દરેક જિલ્લાઓ માટે, કાયદા સાથે તકરારી બાળકોના સંબંધમાં સત્તાઓનો ઉપયોગ કરવા માટે તથા પોતાની ફરજો અદા કરવા માટે ઉક્ત એક્ટની કલમ-૪(૧) મુજબ રાજ્ય સરકાર દ્વારા જુવેનાઈલ જસ્ટિસ બોર્ડની રચના કરવાની જોગવાઈ છે. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અથવા તો ફર્સ્ટક્લાસમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, જે પણ કિસ્સો હોય તે હોદ્દાની રૂએ ચેરપર્સન હોય છે. તથા રાજ્ય સરકારના દ્વારા આ બોર્ડમાં બે સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે. ધ ગુજરાત જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) રૂલ્સ, ૨૦૧૯ના નિયમ-૫(૧) મુજબ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના સભ્યોની મુદ્દત માટે ત્રણ વર્ષની જોગવાઈ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા તા.૨૨/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્ર. G/L/8/2020/JJA/102017/136009/CHH થી રાજકોટ જિલ્લા માટે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ. આ બોર્ડની મુદ્દત તા.૨૧/૦૧/૨૦૨૧ના રોજ પુર્ણ થયેલ છે. રાજકોટ જિલ્લા માટે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં સભ્યોની નિમણુંકની પ્રક્રિયામાં વિલંબ થાય તેમ હોઇ, બાળકોના શ્રેષ્ઠહિતને ધ્યાનમાં લઈ આ જિલ્લા માટેના જુવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં તા.૨૨/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી નિમણુંક પામેલા સભ્યોની મુદ્દત ખાસ કિસ્સામાં નવી નિમણૂંક ન થાય ત્યાં સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવે છે. આ બોર્ડ નિયમાનુસાર કાર્યવાહી કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તેમના નામે.

Jpatel

(જયદીપ પટેલ)

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
- અ.મુ.સ.શ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વે, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ (મારફતઃ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર.)
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ (મારફતઃ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર.)
- મહાલેખાકારશ્રી, ગુજરાત. અમદાવાદ/રાજકોટ.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત તમામ જિલ્લાઓના જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના સભ્યો. (મારફતઃ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર.)
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ – વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.